24.02.2023 પ્રાતઃમુરલી
ઓમ શાંતિ
બાપદાદા
મધુબન

" મીઠાં બાળકો - હમણાં આ તમારો અંતિમ જન્મ છે , ખેલ પૂરો થાય છે એટલે પાવન બની ઘરે જવાનું છે , પછી સતયુગ થી હિસ્ટ્રી રીપીટ ( પુનરાવર્તિત ) થશે"

પ્રશ્ન :- ઘરબાર સંભાળતાં કઈ કમાલ આપ બાળકો જ કરી શકો છો?

ઉત્તર :- ઘરબાર સંભાળતાં, જૂની દુનિયામાં રહેતા બધાંથી મમત્વ કાઢી નાખવું. દેહ સહિત જે પણ જૂની વસ્તુ છે એને ભૂલી જવી.....આ છે આપ બાળકોની કમાલ, આને જ સતોપ્રધાન સંન્યાસ કહેવાય છે, જે બાપ જ તમને શીખવાડે છે. આપ બાળકો આ અંતિમ જન્મમાં પવિત્ર રહેવાની પ્રતિજ્ઞા કરો છો પછી ૨૧ જન્મનાં માટે આ પવિત્રતા કાયમ થઈ જાય છે. આવી કમાલ બીજું કોઈ કરી નથી શકતું.

ગીત :- તુમ્હીં હો માતા પિતા....

ઓમ્ શાંતિ ! બાળકોને ઓમ્ શાંતિ નો અર્થ બિલકુલ સહજ સમજાવાય છે. દરેક વાત સહજ છે. સહજ રાજાઈ પ્રાપ્ત કરો છો. ક્યાંના માટે? સતયુગ માટે. એને જીવનમુક્તિ કહેવાય છે. ત્યાં રાવણ નાં આ ભૂત હોતાં નથી. કોઈને ક્રોધ આવે છે તો કહેવાય છે તમારામાં આ ભૂત છે. અચ્છા બાળકોને સમજાવાય છે ઓમ્ નો અર્થ છે હું આત્મા પછી મારું શરીર. દરેક નાં શરીર રુપી રથમાં આત્મા રથી બેસેલો છે. આત્માની તાકાત થી આ રથ ચાલે છે. આત્માને આ શરીર વારંવાર લેવું અને છોડવું પડે છે. આ તો બાળકો જાણે છે ભારત હમણાં દુઃખધામ છે. અડધાકલ્પ પહેલાં સુખધામ હતું. ઓલમાઈટી ગવર્મેન્ટ (સર્વશક્તિમાન ની સરકાર) હતી કારણ કે ઓલમાઈટી ઓથોરિટી એ ભારતમાં દેવતાઓનાં રાજ્યની સ્થાપના કરી. ત્યાં એક ધર્મ હતો. આજથી ૫ હજાર વર્ષ પહેલાં બરાબર લક્ષ્મી-નારાયણ નું રાજ્ય હતું. તે રાજ્ય સ્થાપન કરવા વાળા જરુર બાપ હશે. બાપ પાસે થી એમને વારસો મળેલો છે. એમનાં આત્માએ ૮૪ જન્મો નું ચક્ર લગાવ્યું છે. ભારતવાસી જ આ વર્ણોમાં આવે છે. હમણાં છે શુદ્ર વર્ણમાં. શુદ્ર વર્ણ પછી સર્વોત્તમ બ્રાહ્મણ વર્ણ આવે છે. બ્રાહ્મણ વર્ણ એટલે બ્રહ્માનાં મુખ વંશાવલી છે. પ્રજાપિતા બ્રહ્મા નાં જરુર એડોપ્ટેડ (અપનાવેલા) બાળકો હશે. બાળકો જાણે છે કે ભારત પૂજ્ય હતું, હમણાં પુજારી છે. બાપ તો સદૈવ પૂજ્ય છે. એ આવે જરુર છે-પતિતો ને પાવન બનાવવાં. સતયુગ છે પાવન દુનિયા. સતયુગ માં પતિત-પાવની ગંગા, આ નામ જ નહીં હોય કારણ કે તે છે જ પાવન દુનિયા. બધાં પુણ્ય આત્માઓ છે. નો પાપાત્મા (નથી). કળિયુગ માં પછી નો પુણ્યાત્મા. બધાં પાપ આત્માઓ છે. પુણ્ય આત્મા પવિત્ર ને કહેવાય છે. ભારતમાં જ ખૂબજ દાન-પુણ્ય કરે છે. આ સમયે જ્યારે બાપ આવે છે તો એમનાં ઉપર બલિ ચઢે છે. સંન્યાસી તો ઘરબાર છોડીને જાય છે. અહીં તો કહે છે બાબા આ બધુંજ તમારું છે. તમે સતયુગ માં અમને અથાહ ધન આપ્યું હતું. પછી માયાએ કોડી જેવાં બનાવી દીધાં છે. હવે આ આત્મા પણ પતિત થઈ ગયો છે. તન-મન-ધન બધું પતિત છે. આત્મા પહેલા-પહેલા પવિત્ર રહે છે પછી પાર્ટ ભજવતા-ભજવતા પતિત બની જાય છે. ગોલ્ડન (સતો), સિલ્વર (રજો)....એ સ્ટેજિસ (સ્થિતિ) માં મનુષ્યને આવવાનું છે જરુર. આખું ચક્ર લગાવીને અંતમાં તમોપ્રધાન ખોટું ઘરેણું બનવાનું છે. સર્વ આત્માઓ ઈશ્વર માટે ખોટું બોલતા રહે છે કારણ કે એમને શીખવાડાયું છે, ઈશ્વર સર્વવ્યાપી છે. ગાય પણ છે તમે માતા-પિતા... લક્ષ્મી-નારાયણ ની આગળ પણ જઈને આ મહિમા કરે છે. પરંતુ એમને તો પોતાનાં એક બાળક એક બાળકી હોય છે. જેવું સુખ રાજા રાણીને તેવું સુખ બાળકોને રહે છે. બધાંને સુખ ઘનેરા (અથાહ) છે. હમણાં તો તેઓ ૮૪ માં અંતિમ જન્મમાં છે. દુઃખ ઘનેરા છે.

બાપ કહે છે કે હવે ફરીથી તમને રાજયોગ શીખવાડું છું. બાળકોને સમજાવ્યું છે કે આ રથ માં રથી આત્મા બેઠેલો છે. આ રથી પહેલાં સોળે કળા સંપૂર્ણ હતો. હમણાં નો કળા (કળા નથી). કહે પણ છે-મુજ નિર્ગુણ હારે મે અબ કોઈ ગુણ નાહી. આપેહી તરસ પરોઈ...અર્થાત્ રહેમ કરો. કોઈ માં પણ ગુણ નથી. બિલકુલ દુઃખી, પતિત છે ત્યારે તો ગંગા માં પાવન થવા જાય છે. સતયુગ માં નથી જતાં. નદી તો વહે છે ને. બાકી હા, એવું કહેશે આ સમયે દરેક વસ્તુ તમોપ્રધાન છે. સતયુગમાં નદીઓ પણ બહુજ સાફ સ્વચ્છ હશે. નદીઓમાં કચરો કાંઈ પણ નથી પડતો.

અહીં તો જુઓ કચરો પડતો રહે છે. સાગર માં બધી ગંદકી જાય છે. સતયુગમાં એવું થઈ નથી શકતું. લૉ (કાયદો) નથી. બધી વસ્તુ પવિત્ર રહે છે. તો બાપ સમજાવે છે હવે બધાંનો આ અંતિમ જન્મ છે. ખેલ પૂરો થાય છે. આ ખેલ ની લિમિટ (મર્યાદા) છે ૫ હજાર વર્ષ. આ નિરાકાર શિવબાબા સમજાવે છે. એ છે નિરાકાર સૌથી ઊંચા પરમધામ માં રહેવાવાળા. પરમધામ થી તો આપણે બધાં આવ્યાં છીએ. હવે કળિયુગ અંતમાં ડ્રામા પૂરો થઈ ફરીથી હિસ્ટ્રી રીપીટ થાય છે. મનુષ્ય જે પણ ગીતા વગેરે શાસ્ત્ર વાંચતા આવ્યાં છે, તે બને છે દ્વાપર માં. આ જ્ઞાન તો પ્રાય:લોપ થઈ જાય છે. કોઈ રાજયોગ શીખવાડી ન શકે. એમનાં યાદગાર માટે પુસ્તક બનાવે છે. તે પોતે તો પુનર્જન્મ માં આવવા લાગ્યાં. એમનાં યાદગાર પુસ્તક રહેવા લાગ્યાં. હમણાં દેવી-દેવતા ધર્મની સ્થાપના થાય છે સંગમ પર. બાપ આવીને આ રથ માં વિરાજમાન થાય છે. ઘોડાગાડી ની વાત નથી. આ રથ માં, સાધારણ વૃધ્ધ તન માં પ્રવેશ કરે છે. તે છે રથી. ગવાય પણ છે બ્રહ્મા દ્વારા બ્રાહ્મણ રચ્યા. આ છે મુખ વંશાવલી બ્રાહ્મણ. બધાં બાળકો કહે છે અમે બ્રહ્માનાં મુખ વંશાવલી બી.કે. છીએ. આ બ્રહ્મા પણ એડોપ્ટ કરેલા (અપનાવેલા) છે. બાપ સ્વયં કહે છે હું આ રથ નો રથી બનું છું, એમને જ્ઞાન આપું છું. શરું એમનાંથી કરું છું. કળશ આપું છું માતાઓને. માતા તો આ (બ્રહ્મા) પણ થઈને. પહેલાં-પહેલાં આ બને છે પછી તમે. એનામાં તો એ વિરાજમાન છે, પરંતુ સામે કોને સંભળાવે. પછી આત્માઓ સાથે બેસી વાત કરે છે. બીજા કોઈ વિદ્વાન વગેરે નહીં હોય જે આવી રીતે આત્માઓ સાથે બેસી વાત કરે કે હું તમારો બાપ છું. આપ આત્માઓ નિરાકાર છો. હું પણ નિરાકાર છું. હું જ્ઞાન સાગર સ્વર્ગ નો રચયિતા છું. હું નર્ક નથી રચતો. આ તો રાવણ માયા નર્ક બનાવે છે. બાપ કહે છે હું તો છું જ રચયિતા તો જરુર સ્વર્ગ જ બનાવીશ. તમે ભારતવાસી, સ્વર્ગવાસી હતાં હમણાં નર્કવાસી બન્યાં છો. નર્કવાસી બનાવ્યાં રાવણે કારણ કે આત્મા રાવણની મત પર ચાલે છે. આ સમયે આપ આત્માઓ રામ શિવબાબા, શ્રી-શ્રી ની શ્રીમત પર ચાલો છો.

બાપ સમજાવે છે હવે બધાનો પાર્ટ પૂરો થયો છે, સર્વ આત્માઓ સાથે હશે. જ્યારે બધાં આવી જશે ત્યારે પછી જવાનું શરું થશે. પછી વિનાશ શરું થઈ જશે. ભારતમાં હમણાં અનેક ધર્મ છે. ફક્ત એક આદિ સનાતન દેવી-દેવતા ધર્મ નથી. કોઈ પણ પોતાને દેવતા નથી કહેતાં. દેવતાઓની મહિમા પણ ગાય છે સર્વગુણ સંપન્ન....પછી પોતાને કહેશે અમે નીચ પાપી.... જે સતોપ્રધાન પૂજ્ય હતાં, તે તમોપ્રધાન પુજારી બની પડે છે. દ્વાપર થી રાવણનું રાજ્ય શરું થાય છે. રામરાજ્ય છે બ્રહ્માનો દિવસ, રાવણ રાજ્ય છે બ્રહ્માની રાત. હવે બાપ ક્યારે આવે? જ્યારે બ્રહ્મા ની રાત પૂરી થાય ત્યારે તો આવે ને. અને એ જ બ્રહ્મા નાં તનમાં આવે ત્યારે તો બ્રહ્મા થી બ્રાહ્મણ પેદા થાય. એ બ્રાહ્મણોને રાજયોગ શીખવાડે છે. બાપ કહે છે જે પણ આકારી તથા સાકારી કે નિરાકારી ચિત્ર હોય એને તમારે યાદ નહીં કરવાનાં. તમને તો લક્ષ અપાય છે, મનુષ્ય તો ચિત્ર જોઈ યાદ કરે છે. બાબા કહે છે ચિત્રો ને જોવાનું બંધ કરો. આ છે ભક્તિમાર્ગ. હવે તો આપ આત્માઓને પાછા મારી પાસે આવવાનું છે. પાપોનો બોજો માથા પર ખૂબ છે. એવું નથી, ગર્ભ જેલમાં દરેક જન્મ નાં પાપ ખતમ થઈ જાય છે. થોડા ખતમ થઈ જાય છે, થોડા રહે છે. હમણાં હું પંડો બનીને આવ્યો છું. આ સમયે સર્વ આત્માઓ માયાની મત પર ચાલે છે. પરમાત્મા સર્વવ્યાપી કહેવું આ માયા ની મત છે. ક્યારેક કહે છે સર્વવ્યાપી છે, ક્યારેક કહે ૨૪ અવતાર લે છે. બાપ કહે છે હું સર્વવ્યાપી ક્યાં છું. હું તો છું જ પતિત-પાવન, સ્વર્ગનો રચયિતા. મારો ધંધો જ છે નર્ક ને સ્વર્ગ બનાવવું. ગાંધી ઈચ્છતા હતાં-રામરાજ્ય હોય. હવે કહે છે-ઓલમાઈટી (એક સત્તા નું) રાજ્ય હોય. એક રિલિઝન (ધર્મ) હોય. સ્વર્ગમાં તો છે જ એક ધર્મ, એક રાજ્ય. ત્યાં કોઈ પાર્ટીશન (વિભાજન) નહોતું. બાપ કહે છે હું યુનિવર્સ (વિશ્વ) નો માલિક નથી બનતો. તમને બનાવું છું. પછી રાવણ આવીને તમારી પાસે થી રાજ્ય છીનવે છે. હમણાં છે બધાં તમોપ્રધાન, પથ્થરબુદ્ધિ. સતયુગ માં છે પારસબુદ્ધિ. આ બાપ સમજાવે છે, રથી બેસે છે. આત્મા જ વાત કરે છે તો એમનો આત્મા પણ સાંભળે છે. કહે છે બાળકો કોઈ પણ ચિત્ર ને નહીં જુઓ. મામેકમ્ યાદ કરો, બુદ્ધિયોગ ઉપર લટકાવો. જ્યાં જવું છે એમને જ યાદ કરવાનાં છે. એક બાપ બસ બીજું ન કોઈ. એ જ સાચ્ચા પાતશાહ છે, સાચ્ચુ સંભળાવવા વાળા. તો તમારે કોઈ પણ ચિત્રો નું સ્મરણ નથી કરવાનું. આ શિવનું જે ચિત્ર છે એનું પણ ધ્યાન નથી કરવાનું કારણ કે શિવ એવાં તો નથી. જેમ આપણે આત્મા છીએ તેમ એ પરમ આત્મા છે. જેવી રીતે આત્મા ભ્રકુટી ની વચ્ચે રહે છે તેવી રીતે બાબા પણ કહે છે થોડી જગ્યા આત્માની બાજુમાં લઈ બેસી જાઉં છું. રથી બની એમને બેસી જ્ઞાન આપું છું. એમનાં આત્મા માં જ્ઞાન નહોતું, પતિત હતો. જેમ આમની આત્મા રથી બોલે છે શરીર થી. તેમ હું પણ આ ઓર્ગન્સ (કર્મેન્દ્રિયો) થી બોલું છું. નહીં તો કેવી રીતે સમજાવું. બ્રાહ્મણ રચવા માટે બ્રહ્મા જરુર જોઈએ. જે બ્રહ્મા પછી નારાયણ બનશે. હમણાં તમે બ્રહ્માનાં સંતાન છો. પછી સૂર્યવંશી શ્રી નારાયણ નાં ઘરાના (વંશજ) માં આવી જશો. બાળકોને સમજાવ્યું છે આ શાસ્ત્ર વગેરે

બધાં ભક્તિમાર્ગ નાં છે, પછી પણ આ જ બનશે. જે વાંચતા-વાંચતા તમોપ્રધાન બની જાય છે. સતયુગ થી ત્રેતા થયો. ત્રેતા થી દ્વાપર, કળિયુગ થયો. પતિત બન્યાં ત્યારે તો પતિત-પાવન આવીને પાવન બનાવશે ને. શાસ્ત્ર કોઈને પાવન બનાવી ન શકે. હમણાં તો બિલકુલ જ કંગાળ બની પડ્યાં છે. લડતા-ઝઘડતા રહે છે. વાનર થી પણ બદતર (ખરાબ) છે. વાનર માં ૫ વિકાર ખૂબ કઠોર હોય છે. દેહ અહંકાર પણ વાનર જેવો બીજા કોઈમાં નથી હોતો. કામ, ક્રોધ, લોભ, મોહ બધાં વિકાર વાનરમાં એવાં હોય છે, વાત ન પૂછો. બાળક મરશે તો એનાં હાડકાઓને પણ છોડશે નહીં. મનુષ્ય પણ આજકાલ એવાં છે. બાળક મર્યો તો ૬-૮ માસ રડતાં રહેશે. સતયુગમાં તો અકાળે મૃત્યુ થતું નથી. નથી કોઈ રડતા પિટતા. ત્યાં કોઈ શૈતાન (આસુરી અવગુણ) હોતાં નથી. બાપ આ સમયે બાળકો સાથે વાત કરી રહ્યાં છે. ભલે ઘરબાર પણ સંભાળો, એમાં રહેવા છતાં એવી કમાલ કરી દેખાડો, જે સંન્યાસી કરી ન શકે. આ સતોપ્રધાન સંન્યાસ પરમાત્મા જ શીખવાડે છે. કહે છે આ જૂની દુનિયા હવે ખતમ થાય છે, એટલે એમાંથી મમત્વ કાઢો. બધાએ પાછા આવવાનું છે. દેહ સહિત જે પણ જૂની વસ્તુ છે એને ભૂલી જાઓ. આ ૫ વિકાર મને આપી દો. જો અપવિત્ર બનશો તો પવિત્ર દુનિયામાં આવી નહીં શકશો. બાપ થી પ્રતિજ્ઞા કરો, આ અંતિમ જન્મ માટે. પછી તો પવિત્રતા કાયમ થઈ જ જશે, ૬૩ જન્મ તમે વિકારોમાં ગોથા ખાઈને એકદમ ગંદા બની પડ્યાં છો. પોતાનાં ધર્મ, કર્મ ને ભૂલી ગયાં છો. હિન્દુ ધર્મ કહેતાં રહો છો. બાપ કહે છે તમે તો બેસમજ બની ગયાં છો, કેમ નથી સમજતાં ભારત સ્વર્ગ હતું, આપણે જ દેવતા હતાં. મેં તમને રાજયોગ શીખવાડ્યો. તમે પછી કહો છો શ્રીકૃષ્ણ બધાનાં બાપ સ્વર્ગનાં રચયિતા છે. બાપ તો નિરાકાર સર્વ આત્માઓનાં બાપ છે. પછી એમનાં માટે કહો છો કે સર્વવ્યાપી છે. તમે પોતાનાં બાપને ગાળો આપો છો. શિવ શંકર ને મળાવી દીધાં છે, કેટલી ગ્લાની (નિંદા) કરી દીધી છે. શિવ તો છે પરમાત્મા. કહે છે હું આવું જ છું દેવી-દેવતા ધર્મ સ્થાપન કરવાં. પછી વિષ્ણુનાં બે રુપ લક્ષ્મી-નારાયણ રાજ્ય કરશે. સચખંડ સ્થાપન કરવા વાળા એક જ સતગુરુ છે. એ આ રથ માં રથી છે. આને નંદીગણ પણ કહે છે, ભાગીરથ પણ કહે છે. તમને અર્જુનો ને કહે છે હું આ રથમાં આવ્યો છું, યુદ્ધ નાં મેદાનમાં તમને માયા પર જીત પ્રાપ્ત કરાવવાં. સતયુગ માં નથી રાવણ હોતો, નથી બાળતા. હમણાં તો રાવણને બાળતા જ રહેશે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપનાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. કોઈ પણ ચિત્રનું સ્મરણ નથી કરવાનું. વિચિત્ર બાપ ને બુદ્ધિ થી યાદ કરવાનાં છે. બુદ્ધિયોગ ઉપર લટકાવવાનો છે.
2. પાછા ઘરે ચાલવાનું છે તેથી દેહ સહિત બધી જૂની વસ્તુ માંથી મમત્વ કાઢી નાખવાનું છે. સંપૂર્ણ પાવન બનવાનું છે.

વરદાન :- બાપ નાં રાઈટ હેન્ડ બની દરેક કાર્યમાં સદા એવરરેડી ( તૈયાર ) રહેવા વાળા માસ્ટર ભાગ્ય વિધાતા ભવ

જે બાળકો રાઈટ હેન્ડ બની બાપ નાં દરેક કાર્યમાં સદા સહયોગી, સદા એવરરેડી રહે છે, આજ્ઞાકારી બની સદા કહે છે હા બાબા અમે તૈયાર છીએ. બાપ પણ એવાં સહયોગી બાળકોને સદા મુરબ્બી બાળકો, સપૂત બાળકો, વિશ્વ નાં શૃંગાર બાળકો કહી માસ્ટર વરદાતા અને ભાગ્યવિધાતા નું વરદાન આપી દે છે. એવાં બાળકો પ્રવૃત્તિમાં રહેતા પણ પ્રવૃત્તિ ની વૃત્તિ થી પરે રહે છે, વ્યવહાર માં રહેતા અલૌકિક વ્યવહાર નું સદા ધ્યાન રાખે છે.

સ્લોગન :- દરેક બોલ અને કર્મ માં સચ્ચાઈ સફાઈ હોય તો પ્રભુ નાં પ્રિય રતન બની જશો.